# સાતમા પગાર પંચમુજબ પગાર બાંધણી

# સાતમા પગારપંચની મહત્વની બાબતો

- સ્કેલ ટુ સ્કેલના ધોરણે તારીખ 1-1-2016 થી અમલ
- 31/12/2015 ના પગારને 2.57 વડે ગુણતાં જે રકમ આવે તેને પે મેટ્રીક્ષમાં કર્મચારીને મળતા પે બેન્ડ અને ગ્રેડપે ને અનુરૂપ લેવલમાં જોતાં જો તે રકમ હોયતો તે રકમ અને તે રકમ નહોય તો તેજ લેવલમાં પછી ની રકમ તેનો સુધારેલ નવો પગાર બનશે
- ઇજાફા માટે વર્ષમાં બે તારીખો 1 લી જાન્યુવારી અને 1 લી જુલાઇ રહેશે પરંતુ કર્મચારીઓની નિમણુંક બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણની તારીખને ધ્યાને રાખીને તેને અનુરૂપ વર્ષમાં એક જ ઇજાફો મળવાપાત્ર થશે

- 1-1-2016 નો  પગાર નિયત થયા બાદ તારીખ 1-7-2016 નારોજ ઇજાફો મળશે
- ઇજાફાનો દર 3 ટકા રહેશે અને 3  ટકા લેખે જે રકમ આવે તે રકમને નજીકના રૂ. 100 માં રાઉન્ડ અપ કરવાનો રહેશે દાત: ઇજાફાની રકમ 1247 આવે તો ઇજાફો રૂ. 1200 ગણાશે અને ઇજાફાની રકમ 1251 આવે તો ઇજાફો રૂ.1300 ગણાશે
-

| ગ્રેડ-પે | લેવલ | પે-મેટ્રીક્ષ |
|---|---|---|
| 1300 | IS-1 | 14,800 - 47,100 |
| 1400 | IS-2 | 15,000 - 47600 |
| 1650 | IS-3 | 15,700 - 50,000 |
| 1800 | 1 | 18,000 - 56900 |
| 1900 | 2 | 19,900 - 63200 |
| 2000 | 3 | 21,700 - 69,100 |
| 2400 | 4 | 25,500 - 81,100 |
| 2800 | 5 | 29,200 - 92,300 |
| 4200 | 6 | 35,400 - 1,12,400 |
| 4400 | 7 | 39,900 - 1,26,600 |
| 4600 | 8 | 44,900 - 1,42,400 |
| 5400 | 9 | 53,100 - 1,67,800 |
| 5400 | 10 | 56,100 - 1,77,500 |
| 6600 | 11 | 67,700 - 2,08,700 |
| 7600 | 12 | 78,800 - 2,09,200 |
| 8700 | 13 | 1,18,500 - 2,14,100 |
| 8900 | 14 | 1,31,100 - 2,16,600 |
| 10,000 | 15 | 1,44,200 - 2,18,200 |

# 1-1-2016 કે તે પછી નવી નિમણુંક

- કર્મચારીની નિમણુંક 1-1-2016 નારોજ (લેવલ-6)ગ્રેડ-પે 4200 માં થઇ  હોયતો 1-1-2016 નો પગાર નવા પગાર ધોરણ માં લઘુત્તમ રૂ.35400 નક્કી થશે અને ઇજાફો 1-7-2016 રોજ છોડતાં રૂ.36500 પગાર થશે
- કર્મચારીની નિમણુંક 2-1-2016 નારોજ(લેવલ-6) ગ્રેડ-પે 4200 માં થઇ  હોયતો 2-1-2016 નો પગાર નવા પગાર ધોરણ માં લઘુત્તમ રૂ.35400 નક્કી થશે અને ઇજાફો 1-1-2017 રોજ છોડતાં રૂ. 36500 પગાર થશે

- અન્ય સૂચનાઓ બહાર ન પડે ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના ભ્થ્થા છઠ્ઠા પગાર પંચમુજબ ચૂકવવાના રહેશે
- કર્મચારી તેના હવે પછીના ઇજાફાની તારીખ કે ત્યાર પછીના ક્રમીક ઇજાફાની તારીખ સુધી હાલના મળતા પગાર માળખામાંચાલુ રહેવાનો વિકલ્પ આપી શકશે
- 1-1-*2016 થી આ નોટીફીકેશન બહાર પડ્યા તારીખ સુધી કોઇને બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણની મળેલ હોયતો ત્યાં સુધી કર્મચારી તેને મળતા પગાર માળખામાંચાલુ રહેવાનો વિકલ્પ આપી શકશે
- હાલના પગાર માળખામાં ચાલુ રહેવાનો વિકલ્પ માત્ર એક જ પે બે ન્ડ અને ગ્રેડ પે ના સંદૅભમાં મળશે

- 1-1-2016 પછી નવી નિમણુંક મેળવનાર કર્મચારીને આવો વિકલ્પ મળશે નહિં
- આ વિકલ્પ નોટીફીકેશનની તારીખથી ત્રણ માસમાં આપવાનો રહેશે
- 1-1-2016 ના રોજ રજા પર હોય તે કર્મચારી પણ 1-1-2016 થી નવા પગાર ધોરણ માં આવવાનો વિકલ્પ આપી શકશે
- 1-1-2016 ના રોજ ફરજ મોકૂફી પર હોય તે કર્મચારી હાલના મળતા નિર્વાહ ભથ્થામુજબ જ નિર્વાહ ભથ્થુ મેળવશે તેમને નવો પગાર શિસ્ત વિષયક કાર્યવાહિ પૂર્ણ થયા પછી આખરી હુકમને આધિન રહેશે
- 1-1-16 થી 30-6-16 સુધી કોઇ ઇવેન્ટ આવતી ન હોય તો 1-1-16 થી વિકલ્પ આપવો ફાયદા કારક રહેશે
- 1-1-16 થી 30-6-16 સુધી કોઇ ઇવેન્ટ આવતી હોય તો પણ 1-1-16 થી વિકલ્પ આપવો મોટાભાગના કિસ્સામાં ફાયદા કારક રહેશે (તેમ છતાં ગણતરી કરી ચકાસી જોવુ )